**કામીની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરતમહાનગરપાલિકા**
**નોર્થ ઝોન (કતારગામ)**

નં.એનઝેડ/આઉટ/૧૧૨૨
તારીખ : ૨૪/૦૪/૨૦૨૫

**—: સંમતિ પત્ર :—**

પ્રતિ,
ઈજારદારશ્રી
....................................
....................................
....................................
....................................

**વિષય :—** નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ), રે. સ. નં. ૪૫૮/૨, ફા.પ્લોટ નં.૧, ૨ માં આવેલ મંગળગૃપ હાઉસીંગ સ્કીમ સોસાયટી ના આંતરીક સર્વિસ ગલીઓમાં પેવર બ્લોક બેસાડવાનું કામ.

**સંદર્ભ :—** (૧) મે.કમિશનરશ્રીની તા. ૧૧/૦૨/૨૦૨૫ ની મંજુરી.
(૨) મે.એડી.સીટી ઈજનેરશ્રી (સિવિલ) ની તા.૨૯/૦૩/૨૦૨૫ ની મંજુરી.

મહાશય,

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૦૩ (કતારગામ), ફા.પ્લોટ નં.૪૪૦/એ અને ૪૪૦/બીમાં આવેલ કુબેરનગર કો.ઓ.હા.સોસાયટી લી. વિભાગ—૧ ની આંતરીક સર્વિસ ગલીઓમાં પેવર બ્લોક બેસાડવાનું કામ અંદાજીત રકમ રૂા.૨૮,૨૨,૬૧૨.૩૪ પૈ. (જી.એસ.ટી.વગર) થી ૪૮.૫૧% નીચું એટલે કે, રૂા.૧૪,૫૩,૩૬૩.૦૯ પૈ. (જી.એસ.ટી. અલગથી ચુકવવાનો રહેશે) ના ખર્ચે મે.કમિશનરશ્રીની તા.૧૧/૦૨/૨૦૨૫ ની મંજુરી થી મંજુર કરવામાં આવેલ હોય, સદર મંજુર થયેલ ટેન્ડરનાં ભાવો અને શરતો મુજબ વિષયમાં દર્શાવેલ કામગીરી સંદર્ભ (૧) મુજબથી મંજુર થયેલ ટેન્ડર મુજબ અંદાજીત રકમ રૂા.૨,૬૭,૦૯૫.૪૪ (જી.એસ.ટી. વગર) થી ૪૮.૫૧% નીચા ભાવ મુજબ એટલે કે રૂા. ૧,૩૭,૫૨૭.૪૪ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી. નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ભાવો અને શરતોને આધિન કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ **બંધ કવરમાં તા.૦૫/૦૫/૨૦૨૫ સુધીમાં** નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવર સ્વીકારવામાં આવશે નહીં.

**—: શ ર તો :—**

૧ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૩,૦૦૦/— ની આપવાની રહેશે.

૨ ઈજારદારે ‘ ઈ—૨ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩ ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા.૫૪,૦૦૦/— કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪ ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્નની નકલો સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫ ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬ ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭ ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૮ કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૯ તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૦ તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧ સદર કામગીરી બાબતે અત્રેના રસ્તા વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨ સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.

**--S.D/-**
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરતમહાનગરપાલિકા